**અખબારી યાદી** તા:૦૮/૧૦/૨૦૧૬

પ્રતિ,
તંત્રીશ્રી,

..............................,
ભાવનગર.

## કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા 'વન્ય જીવ સપ્તાહ' ની ઉજવણી કરાઈ.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર છેલ્લા ૧૪ વર્ષથી ભાવનગર શહેર તથા જિલ્લાની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતરમાધ્યમિક શાળાઓ, કોલેજો, વિવિધ મહિલા મંડળો તથા ખેડુતો માટે અનેકવિધ કાર્યક્રમો દ્વારા વિકસતા વિજ્ઞાનની સમજુતિ સાથે વૈજ્ઞાનિક અભીગમ કેળવાય તેવા સતત પ્રયત્નો કરી રહયું છે.

સમગ્ર વિશ્વમાં તા. ૨ થી ૮ ઓકટોબરને **'વન્ય જીવ સપ્તાહ'** તરીકે ઉજવાય છે. જેના અનુસંધાને કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા તા. ૨ થી ૮ ઓકટોબર દરમ્યાન ભાવનગર જીલ્લાના ગારીયાધાર તાલુકાની રૂપાવટી કેન્દ્રવર્તી શાળા, પચ્છેગામ કેન્દ્રવર્તી શાળા, ભાવનગર તાલુકાની માલણકા પ્રાથમિક શાળા, ધનશ્યામનગર પ્રાથમિક શાળા, પાલીતાણા તાલુકાની મોટી રાજસ્થળી પ્રાથમિક શાળા, ગુજરાતી પ્રાથમિક શાળા, વલ્લભીપુર તાલુકાની પાટણા (ભાલ) કન્યા શાળા, લુણધરા પ્રાથમિક શાળા માં **'વન્ય જીવ સપ્તાહ'** ના વિવિધ કાર્યક્રમો કરવામાં આવેલ.

આ કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓ માટે **'વન્ય જીવ સપ્તાહ'**ની થીમ પર આધારીત પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન અને ડોકયુમેન્ટ્રી ફીલ્મ શોનું નિદર્શન કરવામાં આવેલ. જેમાં આહાર શૃંખલાથી શરૂ કરીને વન્ય જીવોનું માનવી માટે મહત્વ અને તેના વિનાશથી માનવ જાત પર થતી અસરોનું વર્ણન કરવામાં આવેલ. આ ઉપરાંત લુપ્ત થતા વન્ય જીવો વિશે માહિતી આપી લુપ્ત થવાના કારણો સમજાવી તેઓનું સંરક્ષણ કરવાની સમજણ આપી હતી.

સમગ્ર કાર્યક્રમ દરમ્યાન ઉપરોકત તાલુકાઓના તાલુકા શિક્ષણાધીકારીશ્રી, તમામ શાળાઓના આચાર્ય શ્રીઓ તથા તમામ સ્ટાફે પુરતો સાથ સહકાર આપેલ. સમગ્ર સપ્તાહ દરમ્યાન કુલ મળીને ૧૭૦૦થી વધારે વિદ્યાર્થીઓએ કાર્યક્રમનો લાભ લીધેલ.

(હર્ષદ જોષી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.